eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 232
June 11, 2010

## માહે મે ૨૦૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે મે ૨૦૧૦ દરમ્યાન ૩૪૭૭ ઈન્ડોર તથા ૩૩૪૪૮ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૫ જુન, વિશ્વ પર્યાવરણ દિવસે સ્વર્ણિમ વન મહોત્સવ નિમિત્તે ગાંધીસ્મૃતિ થી ગાંધીબાગ સુધી ગ્રીનવોકનું આયોજન



૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસે સ્વર્ણિમ વન મહોત્સવ નિમિત્તે ગાંધીસ્મૃતિ થી ગાંધીબાગ સુધી ગ્રીનવોકનું આયોજન કરવામાં આવેલ. જેમાં નગરજનો, વિદ્યાર્થીઓ, રેડીયો મીર્ચી એફએમના પ્રતિનિધિઓ, નગર સેવકો તથા મહાનગરપાલિકાના કર્મચારીગણે મોટી સંખ્યામાં ભાગ લીધેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## તા. ૦૬/૦૬/૨૦૧૦ના રોજ વિવિધ ઝોનોમાં યોજાયેલ તાપી નિમર્ળોત્સવ

જેના ખોળે સુરત શહેર અને શહેરીજનો સુખી અને સમૃધ્ધ બન્યા છે તે સૂર્યપુત્રી તાપી માતાને પુનઃશુધ્ધ અને સુચિતાપૂર્ણ બનાવવાના ઉદાત્ત ધ્યેયથી સુરત મહાનગરપાલિકાએ શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી તા.૬/૬/૨૦૧૦ થી તા.૨૭/૦૬/૨૦૧૦ દરમ્યાન "તાપી નિમર્ળોત્સવ" ઉજવવાનું નકકી કરેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૭–૦૬–૨૦૧૦ નાં રોજ "મેલેરીયા વિરોધી માસ" નિમિત્તે એક વિશાળ રેલીનું આયોજન



ભારત સરકારના આરોગ્ય મંત્રાલય ધ્વારા જૂન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં પ્રજાનો સહકાર મળે તે હેતુસર તા. ૦૭–૦૬–૨૦૧૦નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન કરેલ હતું, જે સવારે ૯–૦૦ કલાકે ભાગળ ચાર રસ્તાથી નવસારી બજાર થઈ રાજેશ્રી હોલ ખાતે પુર્ણ કરવામાં આવેલ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>



## ૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન તથા "સ્વર્ણિમ ગુજરાત"–૬૧ વનમહોત્સવ ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોG આયોજન

૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન તથા "સ્વર્ણિમ ગુજરાત"–૬૧ વનમહોત્સવ ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૫/૦૬/૨૦૧૦ના રોજ વિવિધ કાર્યક્રમોનુઆયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ ધ્વારા ઘનિષ્ઠ સફાઈ કામગીરીના સંદર્ભે આદરેલી સઘન ઝુંબેશ

૫મી જૂન વિશ્વ પર્યાવરણ દિન તથા "સ્વર્ણિમ ગુજરાત"–૬૧ વનમહોત્સવ ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૫/૦૬/૨૦૧૦ના રોજ વિવિધ કાર્યક્રમોનુઆયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે મે ૨૦૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં માહે મે ૨૦૧૦ દરમ્યાન ૩૪૭૭ ઈન્ડોર તથા ૩૩૪૪૮ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૭૨૧ તથા ૪૪૭ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૬૩૬૨ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૪૦૦ અને જુના ૪૩૯ દર્દીઓ સહીત કુલ ૮૩૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૧૩ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૯૮૦ તથા આંખ વિભાગમાં ૧૯૫૩ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૧૨૨૨ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## ૫ જુન, વિશ્વ પર્યાવરણ દિવસે સ્વર્ણિમ વન મહોત્સવ નિમિત્તે ગાંધીસ્મૃતિ થી ગાંધીબાગ સુધી ગ્રીનવોકનું આયોજન



૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસે સ્વર્ણિમ વન મહોત્સવ નિમિત્તે ગાંધીસ્મૃતિ થી ગાંધીબાગ સુધી ગ્રીનવોકનું આયોજન કરવામાં આવેલ. જેમાં નગરજનો, વિદ્યાર્થીઓ, રેડીયો મીર્ચી એફએમના પ્રતિનિધિઓ, નગર સેવકો તથા મહાનગરપાલિકાના કર્મચારીગણે મોટી સંખ્યામાં ભાગ લીધેલ.

ઉપરાંત ટી.પી. ૨૩, એફ.પી.નં. ૪૯, ગોરાટ હનુમાન મંદિર પાસે ગાર્ડનનું લોકાર્પણ મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષ શ્રીમતી છાયાબેન પરમારના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. કુલ રૂા.૬.૨૦ લાખના ખર્ચે તૈયાર થયેલ આ બાગનું ક્ષેત્રફળ ૨,૮૪૪.૦૦ ચો.મી. છે. આ બાગ તૈયાર કરવાનો ઉદ્દેશ જાહેર જનતાના રીક્રીએશન તથા પર્યાવરણની જાળવણીનો છે. જેનો વિસ્તારની જનતા લાભ લઈ શકશે.







આ ઉપરાંત ટી.પી. ૧૦, અફે.પી. નં. ૧૯૭, એલ.પી. સવાણી સ્કુલ પાસે પાલ રોડ, પાલ ખાતેના પ્લોટમાં સ્વર્ણિમ વન વૃક્ષારોપણ કાર્યક્રમ મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. નેતાશ્રી, શાસકપક્ષ શ્રી ભીમજીભાઈ પટેલ, મા. સાંસદશ્રી, શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મ્યુ.કમિશ્નરશ્રી એસ. અપર્ણા તથા અન્ય મહાનુભવો, નગરસેવકો, નગરજનો અને શાળાના વિદ્યાર્થીઓ / શિક્ષકોના સહયોગથી કુલ ૩૧૦ નંગ વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન કરી કરવામાં આવેલ હતો.

વધુમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે સુરત મહાનગરપાલિકા દ્વારા સામાજીક વનીકરણ વિભાગ – ગુજરાત સરકાર, ટીઆઈએફએસી, સુરતના વિદ્યાર્થીઓ તથા અન્ય સેવાભાવી સંસ્થાઓ સાથે સંયુકત પણે નગરજનોને શહેરના વિવિધ ટ્રાફિક જંકશનો ઉપરથી તથા ગાંધીબાગ ખાતેથી છાયાવૃક્ષોના રોપાઓનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવેલ. જેમાં કુલ ૫૦૦૦ વિવિધ પ્રકારના છાયાવૃક્ષો જેવા કે, ગુલમહોર, ટેકોમા, પારસ પીપળો, બીગ્નોનીયા, બોરસલ્લી વિગેરે વિવિધ રોપાઓનું વિતરણ કરવામાં આવેલ. જેનો શહેરના નગરજનો અને રાહદારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. મહાનગરપાલિકાના ગાર્ડન ખાતા દ્વારા જે તે ઝોનમાં જુદા જુદા જે તે રોડ ડીવાઈડરો જેવા કે, મોમીન ચોક સર્કલ થી સલાબતપરા પીપરડી શેરી રોડ ડીવાઈડર, ભટાર ચાર રસ્તા થી આઝાદનગર રોડ ડીવાઈડર, ગજેરા સર્કલ થી લક્ષ્મીકાંત ચોક રોડ ડીવાઈડર, એન.એફ.આઈ. ગાર્ડનથી પાંડેસરા જી.આઈ.ડી.સી. રોડ ડીવાઈડર, નીલગીરી સર્કલ થી ગોડાદરા રોડ ડીવાઈડર, અર્ચના સ્કુલ થી કનૈયા ડેરી ફાર્મ એન્ડ સ્વીટ વિગેરે રોડ ડીવાઈડરમાં મળી કુલ ૩૭૦ વૃક્ષોના રોપાઓનું પ્લાન્ટેશન કરવામાં આવેલ હતું. તેમજ, સુરત મહાનગરપાલિકાના નગરસેવકોના જે તે વોર્ડ વિસ્તારમાં આવેલ સોસાયટીઓના કોમન પ્લોટમાં પણ અંદાજીત ૩૦૦ થી વધુ વૃક્ષોના રોપાઓનું રોપાણ પણ કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે મા.સાંસદશ્રી શ્રીમતિ દર્શનાબેન જરદોશ, મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાળા, મ્યુ. પદાધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, વિવિધ શાળાના બાળકો તેમજ જાહેર જનતાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.

TOP

## તા. ૦૬/૦૬/૨૦૧૦ના રોજ વિવિધ ઝોનોમાં યોજાયેલ તાપી નિમર્ળોત્સવ



જેના ખોળે સુરત શહેર અને શહેરીજનો સુખી અને સમૃધ્ધ બન્યા છે તે સૂર્યપુત્રી તાપી માતાને પુનઃશુધ્ધ અને સુચિતાપૂર્ણ બનાવવાના ઉદાત્ત ધ્યેયથી સુરત મહાનગરપાલિકાએ શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી તા.૬/૬/૨૦૧૦ થી તા.૨૭/૦૬/૨૦૧૦ દરમ્યાન "તાપી નિમર્ળોત્સવ" ઉજવવાનું નકકી કરેલ છે. જે અંતર્ગત તા.૬/૬/૨૦૧૦ના રોજ સુરત શહેરના નાવડી ઓવારો, રામનાથ ઘેલા ઓવારો, ભગવાન કરૂણાસાગર ઓવારો, રામજી ઓવારો, વૈદરાજ ઓવારો, મહાપ્રભુજીની બેઠક ઓવારો, મૌની ઓવારો તેમજ કોઝવે–સિંગણપોર તરફની બાજુએ તાપી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

નાવડી ઓવારો, નાનપુરા, સુરત ખાતેથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જે પ્રસંગે સૌપ્રથમ ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતુ.

મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે આપણે આપણા ઘરઆંગણે તાપી શુધ્ધિકરણનું અભિયાન શરૂ કર્યું છે. તાપી માતાના આપણી ઉપર ખુબ આર્શીવાદ છે અને તાપી નદીને ચૌખ્ખી રાખવાની આપણી સૌની ફરજ છે. તેમા આપ સૌના સાથ સહકારની જરૂર છે. એમ જણાવી સૌને આ કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ કરી હતી. તાપી નદીમાં કોઈ પણ પ્રકારનો કચરો કે પ્લાસ્ટીકની નકામી વસ્તુઓ ન નાંખવા અપીલ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તાપીના જળચરોને બચાવવા આપણી સૌની ફરજ છે.

તાપી કિનારે આવેલ નાવડી ઓવારો, નાનપુરા સુરત ખાતે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા.સાંસદશ્રી શ્રીમતિ દર્શનાબેન જરદોશ, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાળા, મા.ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, મા.કમિશ્નરશ્રી એસ.અર્પણા, મા.શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખશ્રી પૂર્ણેશ મોદી, સધન ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખશ્રી નિલેશભાઈ માંડલેવાલાની ઉપસ્થિતિમાં સફાઈકામગીરી હાથ ધરવામાં આવી હતી. સેઈલર કલબ, યંગસ્ટાર ગ્રુપ, ગાયત્રી પરિવાર વગેરે સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૧૦૪ જેટલા સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૩૬૯ કર્મચારી ધ્વારા ૨ જે.સી.બી., ૧ લોડર વગેરે સાધનો વડે સફાઈ કામગીરી હાથ ધરી હતી અને કાદવ, લીલ, જળકુંભી જેવો ૧૨૦ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

સાથે જ અઠવાઝોન વિસ્તારમાં રામનાથ ઘેલાઓવારા ઉપર તથા ભગવાન કરૂણાસાગર ઓવારા ખાતે ૧૦ જેટલી સેવાભાવી સંસ્થાઓના ૨૦૦ સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૨૬૯ કર્મચારી ધ્વારા ૪ જે.સી.બી., ૭ ટ્રક, ૪ ટ્રેકટર વગરે સાધનો ધ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. અને ૪૨ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

**Continue …**





રાંદેર ઝોનમાં આવેલ રામજી ઓવારા ખાતે ૮ સેવાભાવી સંસ્થાઓના ૨૦૦ સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૬૦ જેટલા કર્મચારી ધ્વારા ૩ ડમ્પર, ૪ ટ્રક, ૩ એસ્કેવેટર મશીનો વડે સફાઈ કામગીરી હાથ ધરી ૧૩ ટન જેટલા કચરાનો નિકાલલ કરી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

શહેરના કતારગામ ઝોન વિસ્તારમાં વીયર કમ કોઝવે ઉપર સીંગણપોર તરફની બાજુએ ૨ સેવાભાવી સંસ્થાના ૪૨ સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૧૯૩ કર્મચારીઓ ધ્વારા ૨ લોડર, ૨ ટ્રક, ૨ ટ્રેકટર અને ૧ ડમ્પર વડે સફાઈ કામગીરી હાથ ધરી ૧૧ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

વરાછા ઝોન વિસ્તારમાં તાપી નદી કિનારે આવેલ વૈદરાજ ઓવારો, મહાપ્રભુજીની બેઠક ઓવારો અને મૌની ઓવારા ખાતે શહેરની ૧૫ સેવાભાવી સંસ્થાઓના ૩૬૦ સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૧૭૯ કર્મચારી ધ્વારા ૧ જે.સી.બી., ૪ ડમ્પર, ૨ ટ્રેકટર વગેરની મદદથી સફાઈ કામગીરી હાથ ધરી કુલ ૨૧ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

આમ, "તાપી નિર્મળોત્સવ" અંતર્ગત આજ રોજ શહેરના કુલ ૮ ઓવારાઓ ઉપર શહેરની ૪૦ જેટલી સેવાભાવી સંસ્થાઓના ૮૬૪ જેટલા સ્વયંસેવકો અને સુરત મહાનગરપાલિકાના ૧૦૭૦ અધિકારી/ કર્મચારીઓએ આ સફાઈ કામગીરી હાથ ધરી હતી. અને કુલ ૨૦૭ ટન જેટલા કચરાનો નિકાલ કર્યો હતો.

"તાપી નિર્મળોત્સવ" અંતર્ગત યોજાયેલ સફાઈ કાર્યક્રમમાં મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે. મેયરશ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર), મા. સાંસદશ્રી દર્શનાબેન જરદોશ, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાળા, મા.ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, મા. કમિશ્નરશ્રી એસ.અર્પણા, મા.શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખશ્રી પૂર્ણેશ મોદી, સધન ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ટ્રસ્ટીઝના પ્રમુખશ્રી નિલેશભાઈ માંડલેવાલા,મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના મા. અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ શહેરીજનોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આવાનારા આગામી ૩ સપ્તાહ સુધી તાપી નિર્મળોત્સવ ને વધુ વેગવાન બનાવવામાં આવનાર છે. અને સુરત મહાનગરપાલિકા "તાપી નિર્મળોત્સવ"ના ઉમદા કાર્યમાં વધુમાં વધુ સંખ્યામાં સેવાભાવી સંસ્થાઓ અને નગરજનો જોડાઈ તે માટે સૌને અપીલ કરે છે.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૦૭–૦૬–૨૦૧૦ નાં રોજ "મેલેરીયા વિરોધી માસ" નિમિત્તે એક વિશાળ રેલીનું આયોજન



ભારત સરકારના આરોગ્ય મંત્રાલય ધ્વારા જૂન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરની જનતામાં મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રાખવા માટે જનજાગૃતિ કેળવાય અને સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરીમાં પ્રજાનો સહકાર મળે તે હેતુસર તા. ૦૭–૦૬–૨૦૧૦નાં રોજ એક વિશાળ રેલીનું આયોજન કરેલ હતું, જે સવારે ૯–૦૦ કલાકે ભાગળ ચાર રસ્તાથી નવસારી બજાર થઈ રાજેશ્રી હોલ ખાતે પુર્ણ કરવામાં આવેલ હતી. રેલીનું પ્રસ્થાન સ્થાયી સમિતિના ચેરમેનશ્રી મુકેશભાઈ દલાલે લીલી ઝંડી ફરકાવી કરવામાં આવ્યું. રેલીમાં શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ વીરજીભાઈ પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેન શ્રીમતી સ્મિતાબેન પટેલ, રૂગ્ણાલય સમિતિના ચેરમેનશ્રી સતીષભાઈ પટેલ તથા આરોગ્ય સમિતિના સદસ્યશ્રી,મ્યુ.કમિશ્નર કુ. એસ. અપર્ણા, આરોગ્ય અધિકારીશ્રી અને ઈ.ચા.ડે.કમિશ્નર(હે. અને હો.) હેમંતભાઈ દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ, ઈ.ચા. જંતુનાશક અધિકારી, આસી. જંતુનાશક અધિકારીઓ તેમજ વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારીગણે ભાગ લીધો હતો. રેલીને ઉદ્દબોધન કરતા સ્થાયી સમિતિના ચેરમેનશ્રીએ જણાવ્યું કે, મહાનગરપાલિકા મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે જરૂરી તમામ પગલા લઈ રહી છે ત્યારે આ રોગના અટકાયત માટે પ્રજા પણ જાગૃત થાય અને સાથ–સહકાર આપે તે જરૂરી છે. વધુમાં જયારે સુરત શહેરની ભૌગોલિક સ્થિતિ જોતાં અહીં વરસાદ, ભેજનું પ્રમાણ વધુ હોય, તેમજ પરપ્રાંતમાંથી રોજી–રોટી મેળવવા સુરત આવતા કામદારો વિગેરેને કારણે મેલેરીયાની પરિસ્થિતિ વણસે નહિ તે માટે મહાનગરપાલિકાને સતત ચાંપતી નજર રાખવી પડે છે. વધુમાં તેમણે જણાવ્યું કે, હજી લોકોમાં જાગૃતિ લાવવાની જરૂર છે. આ માટે તમામ નાગરિકોએ સહકાર આપવો જોઈએ. ઘર આગળ પાણીના ખાબોચીયા ન થવા દેવા જોઈએ. પાણી ભરેલા વાસણો અઠવાડિયે એકવાર સાફ કરી હવાચુસ્ત ઢાંકણ/કાપડથી ઢાંકવા જોઈએ. તાવ આવે ત્યારે નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર પર જઈ લોહીની તપાસ કરાવી સંપુર્ણ સારવાર લેવી જોઈએ, જેવી રસપ્રદ માહિતી આપી હતી.

રેલીના સમાપન બાદ આરોગ્ય અધિકારીશ્રીએ વાહકજન્ય રોગો વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમાં મેલેરીયા, ડેગ્યું, ચિકુનગુનિયા અને હાથીપગા જેવા મચ્છરજન્ય રોગો વિષે મીડીયાને માહિતગાર કરેલ હતા. અને જાહેર જનતાને અનુરોધ કરેલ કે મચ્છરજન્ય રોગોને નિયંત્રણમાં રાખવા આપણા સર્વેની જવાબદારી છે.ઘરની ટાંકી, ટાંકાઓ હવાચુસ્ત ઢાંકણ વડે પેક રહે તથા ધાબા પર રહેલ ટાયર, કંટેનરનો નિકાલ કરવો જોઈએ. ધાબાનું લેવલ સરખું કરવાથી પાણીનો સહેલાઈથી નિકાલ થઈ જાય.

સમગ્ર રેલીનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રીની સુચનાનુસાર આરોગ્ય અધિકારી ડો. હેમંતભાઈ એસ. દેસાઈના માર્ગદર્શન હેઠળ ઈ.ચા. જંતુનાશક અધિકારી ડો. કે.જી. વૈષ્ણવ અને તેમના સ્ટાફના સાથ–સહકાર ધ્વારા કરવામાં આવેલ હતું.

TOP

## પમી જૂન વિશ્વ પર્યાવરણ દિન તથા "સ્વર્ણિમ ગુજરાત"–૬૧ વનમહોત્સવ ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન

પમી જૂન વિશ્વ પર્યાવરણ દિન તથા "સ્વર્ણિમ ગુજરાત"–૬૧ વનમહોત્સવ ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૫/૦૬/૨૦૧૦ના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો શુભારંભ ગાંધી સ્મૃતિ ભવન ખાતેથી "ગ્રીનવોક" દ્વારા પ્રારંભ કરી ચોકમાં આવેલ ગાંધીબાગ ખાતે પૂર્ણ થઈ હતી. શહેરના નગરજનોમાં પર્યાવરણ બાબતે જાણકારી કેળવાય અને "તાપી શુધ્ધિકરણ" અર્થે સહભાગીદાર થવા માટે આ ગ્રીનવોકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રીનવોકમાં મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુનિ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી મંજુલાબેન સાવલિયા, ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિ અધ્યક્ષાશ્રીમતિ છાયાબેન પરમાર, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ અને નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.





"તાપી શુધ્ધિકરણ" પર આધારિત તજજ્ઞોના પ્રવચનનો કાર્યક્રમ સવારે ૧૦.૦૦ કલાકે સાયન્સ સેન્ટરના ઓડિટેરીયમ હોલ, સીટીલાઈટ રોડ, સુરત ખાતે રાખવામાં આવ્યો હતો. જેના પ્રારંભમાં મ્યુનિ.કમિશનરશ્રી કુ.એસ.અર્પણાએ સર્વેનું સ્વાગત કરી મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ અને નિભાવ ક્ષેત્રે સઘન કામગીરી કરવા જણાવ્યું હતું. એડી.સીટી ઈજનેરશ્રી જતીનભાઈ શાહે તાપીના શુધ્ધિકરણ માટે સુરત મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવતા વિવિધ પગલાંઓનો સમાવેશ કરતું પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું. પર્યાવરણ ક્ષેત્રના તજજ્ઞ ન્યુ દિલ્હી, આઈ.આઈ.ટી.ના પ્રોફેસર ડો.બાબુ અલપટે તેમના વકતવ્યમાં જીવનમાં પાણીનું મહત્વ, તાપીના પાણીમાં યુટ્રીફીકેશનના પ્રશ્ન બાબતે છણાવટ કરી હતી. એન્વાયરમેન્ટ સેફ્ટી સેન્ટર, ન્યુ દિલ્હીના સીનીયર સાયન્ટીસ્ટ ડો.મીસીસ ચિત્રા રાજાગોપાલએ વિશ્વમાં થઈ રહેલા કલાઈમેટ ચેઈન્જ, સીવરેજના કન્ટીન્યુઅસ મેનેજમેન્ટ કન્ટ્રોલ, વોટર મેનેજમેન્ટ સીસ્ટમ વિગેરે બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. શહેરના પ્રથમ નાગરિક અને મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ ભવિષ્યની પેઢીને ગ્રીન સીટીનો લાભ આપવા શહેરના ઓછામાં ઓછા દસ લાખ નગરજનોને વર્ષમાં એક વખત સુરત મહાનગરપાલિકા અને વિવિધ સંસ્થાઓ સાથે લોકભાગીદારી દ્વારા વૃક્ષારોપણ કરવા અનુરોધ કર્યો હતો. અને પ્લાન્ટેશનના હેતુ માટે શહેરમાં વિવિધ સ્થળોએ ખુલ્લા પ્લોટો આરક્ષિત રાખવા જણાવ્યું હતું. અંતમાં સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી મંજુલાબેન સાવલિયાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

વિશ્વ પર્યાવરણ દિન ઉજવણી નિમિત્તે "એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ" પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા દ્વારા સવારે ૯.૩૦ કલાકે સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતે કિડઝ સ્પેસમાં ચિત્રકળા સ્પર્ધા અને ઓડિટેરીયમ ખાતે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૫૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેનું પરિણામ નીચે મુજબ છે.

| વિજેતા ક્રમ | ચિત્રકળા સ્પર્ધા | | વકતૃત્વ સ્પર્ધા | |
|---|---|---|---|---|
| | ૭ થી ૧૧ વર્ષ | ૧૨ થી ૧૮ વર્ષ | ૧૮ થી ૨૫ વર્ષ | ૨૫ વર્ષથી વધુ |
| પ્રથમ | રિધ્ધિ ભરતકુમાર પટેલ | અભિષેક આઈ. તુઈવાલા | આશાબેન પટેલ | શૈલેષભાઈ દેસાઈ |
| દ્વિતીય | મિત્સુ જે. દેસાઈ | જયેશ બી.પટેલ | સ્નેહલ શીંદે | મહિલાબેન ઠાકોર |
| તૃતીય | ફોરમ ટી. પરમાર | ગિરા ચેતનભાઈ વ્યાસ | ટોપીવાલા હેમાંગીની | રૂપલબેન દેસાઈ |
| ચતુર્થ | જુગલ પોસ્ટલવાલા | નિમીત એચ. કાપડીયા | – | – |
| પાંચમાં | પટેલ પલ હેમંતભાઈ | મોદી આયુષી કમલેશકુમાર | – | – |



ચિત્રકળા સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓને એન્વીરો કન્ટ્રોલ એસોસીએટ્સ તરફથી સાયકલ તેમજ સુરત મહાનગરપાલિકા તરફથી રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રો તથા વકતૃત્વ સ્પર્ધાના વિજેતાઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી મંજુલાબેન સાવલિયા નિર્ણાયકશ્રી ડો.અશ્વીનભાઈ દેસાઈ અને શ્રીમતી શશીબેન ભૂખણવાલાના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર અને ગીફટ આપવામાં આવી હતી. આ પ્રસંગે પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ ધ્વારા ઘનિષ્ઠ સફાઈ કામગીરીના સંદર્ભે આદરેલી સઘન ઝુંબેશ

ડે. કમિશનરશ્રી (સ્પે.) અને કાર્યપાલક ઈજનેરશ્રીના આદેશાનુસાર સા.વે. (અઠવા) ઝોન સંલગ્ન આરોગ્ય વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીના ભાગરૂપે નાયબ આરોગ્ય અધિકારીશ્રી ની સીધી દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવેલ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ અંતર્ગત ગૌરવપથ, અઠવા ગેટ ચોપાટી વિસ્તાર, પાર્લે પોઈન્ટ વિસ્તાર, ભટાર ચાર રસ્તા, એસ.વી. આર કોલેજ સર્કલ ખાતે લોક જાગૃતિ અભિયાન તેમજ લીટરીંગ સ્કોવર્ડની કામગીરી કરવામાં આવેલ તેમજ જાહેરમાં ગંદકી કરતી સંસ્થા અને તેમજ ઈસમો પાસેથી રૂા. ૪૯,૪૫૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તેમજ ખાણી–પીણી અને રસની લારીઓનું ચેકીંગ કરી ૭૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે તથા ૧૩૭ કાચના ગ્લાસ અને ૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ છે. તેમજ ૬૭ ઈસમોને નોટીસ આપી ૧૪ કોર્ટ કેસ દાખલ કરવામાં આવેલ છે. સદર હેલ્થ ચેકીંગની કામગીરી દરમ્યાન ખાણીપીણીની ત્રણ સંસ્થાઓમાં સફાઈની ગુણવતા બરાબર ન હોય જેને બંધ કરાવી સફાઈ યોગ્ય રીતે કર્યે થી સંસ્થા ચાલુ કરવા જણાવેલ અને લોક જાગૃતિ અભિયાનમાં સદર વિસ્તારના લોકોને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે.

TOP